


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ
સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-11 ■ તા. 12-03-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# ચીને પાકિસ્તાનની જગ્યાએ ભારત સાથે પોતાના સંબંધ મજબૂત કરવા જોઈએ

નવીદિલ્હી,તા.૧૧

ભારત અને ચીન વચ્ચેના સંબંધો કઈ આજકાલના નથી. ઉતાર ચડાવવાળા આ સંબંધોમાં લાંબા સમયથી તણાવ પણ જોવા મળી રહ્યો છે. ચીનના લોકોને ભારત અને અમેરિકાની મિત્રતા પણ જાણે ગમતી નથી. તેમનું માનવું છે કે ભારત અને ચીન સાથે મળીને કામ કરી શકે છે. ચીનના પત્રકાર માને છે કે ચીને પાકિસ્તાનની જગ્યાએ ભારત સાથે પોતાના સંબંધ મજબૂત કરવા જોઈએ.

ભારત અને ચીન વચ્ચેના સંબંધો કઈ આજકાલના નથી. ઉતાર ચડાવવાળા આ સંબંધોમાં લાંબા સમયથી તણાવ પણ જોવા મળી રહ્યો છે. ચીનના લોકોને ભારત અને અમેરિકાની મિત્રતા પણ જાણે ગમતી નથી. તેમનું માનવું છે કે



ભારત અને ચીન સાથે મળીને કામ કરી શકે છે. ચીનના પત્રકાર માને છે કે ચીને પાકિસ્તાનની જગ્યાએ ભારત સાથે પોતાના સંબંધ મજબૂત કરવા જોઈએ કારણ કે ભારત સાથે વેપારની સંભાવના ઘણી વધુ છે. આ બધી વાતો ચીનના પત્રકાર મ્યૂ ચુનશાને ધ ડિપ્લોમેટ માટે પોતાના લેખમાં લખી છે. ચીની સોશિયલ મીડિયા પર આધારિત તેમનો લેખ જણાવે છે કે ચીનની સામાન્ય જનતા ભારત માટે શું વિચારે છે અને સોશિયલ મીડિયા પર પોતાના પાડોશી દેશ વિશે શું વાતો કરે છે.

પોતાના આ લેખમાં તેમણે ભારતના પ્રધાનમંત્રી પીએમ મોદીનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે લખ્યું કે 'ભારતીય પીએમ નરેન્દ્ર

## મોદીના નેતૃત્વમાં ભારત દુનિયાના પ્રમુખ દેશો વચ્ચે સંતુલન જાળવી શકે છે. પછી ભલે તે રશિયા હોય, અમેરિકા

મોદીનું ચીની ઈન્ટરનેટ પર એક નિકનેમ છે. મોદી લાઓશિઆનલા ઓશિઆનનો ઉપયોગ કેટલીક અનોખી ક્ષમતાઓવાળા 'વડીલ અમર' વ્યક્તિ માટે થાય છે. આ નિકનેમનો અર્થ એ છે કે ચીનના સોશિયલ મીડિયા યૂઝર્સ એવું વિચારે છે કે પીએમ મોદી અન્ય નેતાઓની સરખામણીમાં અલગ અને અદભૂત છે. તેઓ તેમના પહેરવેશ અને શારીરિક બનાવટ, બંનેની તરફ ઈશારો કરે છે. તેમની કેટલીક નીતિઓ ભારતની પાછલી નીતિઓ કરતા અલગ છે.' અત્રે જણાવવાનું કે ચીનમાં લાઓશિયાન શબ્દનો ઉપયોગ એવી વ્યક્તિ માટે થાય છે જે અમર હોય અને જેની પાસે સ્પેશિયલ પાવર હોય.

તેમણે લખ્યું છે કે 'વિશેષ રીતે, પીએમ મોદીના નેતૃત્વમાં ભારત દુનિયાના પ્રમુખ દેશો વચ્ચે સંતુલન જાળવી શકે છે. પછી ભલે તે રશિયા હોય, અમેરિકા હોય કે ગ્લોબલ સાઉથના દેશો, ભારત તે બધા સાથે મૈત્રીપૂર્ણ સંબંધ રાખી શકે છે. જે કેટલાક ચીની સોશિયલ મીડિયા યૂઝર્સ માટે ખુબ પ્રશંસનીય છે. આથી 'લાઓશિઆન' શબ્દ પીએમ મોદી પ્રત્યે ચીની લોકોની જટિલ ભાવનાને દર્શાવે છે. જેમાં જિજ્ઞાસા અને આશ્ચર્ય પણ સામેલ છે.'ચુનશાન લખે છે કે હું લગભઘ ૨૦ વર્ષથી આંતરરાષ્ટ્રીય મીડિયા રિપોર્ટિંગ કરી રહ્યો છું અને ચીની સોશિયલ મીડિયા યૂઝર્સ માટે કોઈ વિદેશી નેતાને નિકનેમ આપવું દુર્લભ છે. મોદીનું નિકનેમ અન્ય તમામ કરતા ઉપર છે. સ્પષ્ટ રીતે તેમણે ચીની જનતાના મતને પ્રભાવિત કર્યો છે. ચીની પત્રકારે પોતાના લેખમાં લખ્યું કે ભારત સાથે મુકાબલો કરવા માટે પાકિસ્તાનનો ઉપયોગ કરવાનો વિચાર વધુ કાલ્પનિક બની રહ્યો છે. કારણ કે પાકિસ્તાન અને ભારત વચ્ચેની ખાઈ સતત પહોળી થઈ રહી છે.

# જમીન-કૌભાંડ કેસમાં હવે સીબીઆઇએ બિહારના ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવને સમન્સ પાઠવ્યું

પટણા,તા.૧૧

નોકરીના બદલામાં જમીનના મામલામાં ઈઢના લાલુ પ્રસાદ યાદવના પરિવારના સભ્યોના ઘરેથી દરોડા પાડી રહ્યા છે. ત્યારે આ દરોડામાં લાખો રૂપિયાની રોકડ અને ઘરેણાં મળી આવ્યા છે. કહેવાય છે કે લાલુના પરિવારના ઘરેથી ૫૩ લાખ રૂપિયા રોકડા, યુએસ ડોલર, ૫૪૦ ગ્રામ સોનાના સિક્કા, ૧.૫ કિલો સોનાના ઘરેણા પણ મળી આવ્યા છે.ત્યારે હવે પ્રાપ્ત માહિતી અનુસાર સીબીઆઈએ બિહારના નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવને જમીન-નોકરીના કેસમાં સમન્સ મોકલ્યા છે. એવું કહેવાય છે કે હજુ પણ તપાસ એજન્સી દ્વારા મોકલવામાં આવેલા આ સમન્સમાં તેજસ્વી યાદવને જમીનના બદલામાં નોકરીના મામલામાં પૂછપરછ કરવામાં આવશે.

જમીન-નોકરીમાં લાલુઅને તેમનો પરિવાર સકંજામાં આવ્યો છે. ત્યારે લાલુના પરિવારમાંથી ૩૦ કિલોથી વધુ સોનાના દાગીના અને જીઇ ૯૦૦ પણ રિકવર કરવામાં આવ્યા છે. હવે લાલુના નજીકના લોકો અને તેમના પરિવારના સભ્યોના ઘર પર ઈઢના દરોડા પર પણ રાજકારણ ગરમાયું છે. લાલુ પ્રસાદ યાદવ અને જેડીયુના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલન સિંહે આ કેસમાં ઈઢના દરોડા પર ટ્વીટ કરીને કેન્દ્ર સરકાર પર તેમને હેરાન કરવાનો આરોપ લગાવ્યો છે.

ત્યારે સીબીઆઈએ હવે બિહારના નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવને જમીન-નોકરીના કેસમાં સમન્સ મોકલ્યા છે અને હવે આ મામલે તેજસ્વી યાદવ સાથે પૂછપરછ કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે આ કેસમાં લાલુ પ્રસાદ યાદવ, રાવડી દેવી અને તેમની બે પુત્રીઓ સહિત ૧૬ આરોપીઓને ૧૫ માર્ચે કોર્ટમાં હાજર થવાનું છે. તમને એ પણ જણાવી દઈએ કે સીબીઆઈની ટીમે નોકરી માટે જમીન કેસમાં રાબડી દેવી અને લાલુ યાદવની પૂછપરછ કરી છે.

જમીનના બદલામાં રેલવેમાં નોકરી આપવાના મામલામાં સીબીઆઈ અને ઈડીની ટીમ સતત દરોડા પાડી રહી છે. આ દરોડામાં ઈડી અને સીબીઆઈ લાલુ પ્રસાદ યાદવના પરિવાર અને નોકરી લેનારાઓ અને કેસમાં આરોપીઓ પર સતત દરોડા પાડી રહી છે. કેન્દ્રીય તપાસ એજન્સીઓ દ્વારા કરવામાં આવી રહેલા આ દરોડા પર હવે રાજકારણ પણ શરૂ થઈ ગયું છે.

જનતા દળ યુનાઈટેડના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજીવ રંજન સિંહ ઉર્ફે લલન સિંહે તેને કેન્દ્ર સરકાર દ્વારા બદલો અને કેન્દ્રીય એજન્સીઓ દ્વારા વિરોધીઓની હેરાનગતિ ગણાવી છે. સાથે જ લાલુ પ્રસાદ યાદવે પણ ટ્વિટ કરીને આ માટે કેન્દ્ર સરકાર અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને જવાબદાર ઠેરવ્યા છે.

# ત્રિપુરામાં સંસદીય દળ પર હુમલો, ભાજપના ગુંડાઓએ પથ્થરમારો કર્યો : કોંગ્રેસ

અગરતલ્લા,તા.૧૧

ત્રિપુરા વિધાનસભા ચૂંટણી બાદ હિંસાની તપાસ કરવા અને અસરગ્રસ્ત લોકો સાથે વાત કરવા આવેલી સંસદીય ટીમ પર આજે હુમલો કરવામાં આવ્યો હતો.આ ટીમ બે દિવસની મુલાકાતે હતી. ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્કસવાદી) ત્રિપુરાના રાજ્ય સચિવ અને ભૂતપૂર્વ મંત્રી જિતેન્દ્ર ચૌધરીએ જણાવ્યું હતું કે ગઈકાલે સાંજે બિસલગઢના નેહલચંદ્ર નગર માર્કેટમાં સંસદીય પક્ષ પર થયેલા ''ભયાનક હુમલા'' બાદ, બાકીના આઉટડોર કાર્યક્રમો મુલતવી રાખવામાં આવ્યા છે. સંસદીય પક્ષમાં કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસવાદી), કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (સીપીઆઈ) અને કોંગ્રેસના નેતાઓ સામેલ હતા.

કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે ટ્વીટ કરીને કહ્યું કે, ત્રિપુરાના બિશાલગઢ અને મોહનપુરમાં ભાજપના કાર્યકરો દ્વારા કોંગ્રેસના નેતાઓના પ્રતિનિધિમંડળ પર હુમલો કરવામાં આવ્યો અને પથ્થરમારો કરવામાં આવ્યો. પ્રતિનિધિમંડળની સાથે આવેલી પોલીસે કંઈ કર્યું નહીં.તેમણે કહ્યું, ''ભાજપ ત્યાં વિજય રેલી કરી રહી છે. આ પાર્ટી પ્રાયોજિત હિંસાની જીત છે.' તે જ સમયે, ત્રિપુરા કોંગ્રેસના વડા બિરાજીત સિંહાએ આરોપ લગાવ્યો કે ત્રિપુરા પોલીસ માત્ર દર્શક તરીકે કામ કરી રહી છે અને સ્થળ પર કોઈ કાર્યવાહી કરી નથી.રાજ્યના સીપીઆઈ(એમ)ના વરિષ્ઠ નેતા પવિત્રા કારે દાવો કર્યો હતો કે ૨ માર્ચે વિધાનસભા ચૂંટણીના પરિણામોની ઘોષણા બાદ રાજ્યમાં હિંસાની લગભગ ૧,૨૦૦ ઘટનાઓ બની છે. કારે જણાવ્યું હતું કે ઘાયલ અને નુકસાનની ચોક્કસ સંખ્યા જાણી શકાયું નથી. ચૂંટણીના પરિણામો જાહેર થયા પછી અસંખ્ય ઘટનાઓ બની છે. મતદાન પછીની હિંસા અંગે અધિકૃત અહેવાલ તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

મદદનીશ પોલીસ મહાનિરીક્ષક – કાયદો અને વ્યવસ્થા જ્યોતિષમાન દાસ ચૌધરીએ શનિવારે જણાવ્યું હતું કે મતદાન પછીની હિંસાના મોટાભાગના કેસો સિપાહીજાલા અને ખોવાઈ જિલ્લામાંથી નોંધાયા છે. તેમણે કહ્યું હતું કે આ જિલ્લાઓમાં કેટલાક લોકો ઘાયલ થયા હતા, જેમને નજીકના આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હતા.

અગાઉ, સીપીઆઈ સાંસદ બિનય વિશ્વમે ટ્વીટ કર્યું હતું કે ટીમ ૧૨ માર્ચ સુધી અહીં રહી શકે છે, ત્યારબાદ તે રિપોર્ટ રજૂ કરશે અને ૧૩ માર્ચથી શરૂ થઈ રહેલા સંસદ સત્રમાં મામલો ઉઠાવશે. રાજ્યના સીપીઆઈ(એમ)ના વરિષ્ઠ નેતા પવિત્ર કારે જણાવ્યું હતું કે પ્રતિનિધિમંડળને ત્રણ ટીમોમાં વહેંચવામાં આવશે, જે પશ્ચિમ ત્રિપુરા, સિપાહીજાલા અને ખોવાઈના અસરગ્રસ્ત જિલ્લાઓની મુલાકાત લેશે.

# દિલ્હી દારુ કૌભાંડ કેસમાં મોટો ટ્વિસ્ટ, હવે આરોપી અરુણ પિલ્લઈ પોતાનું નિવેદન પાછું લેશે !

## પિલ્લઈએ અરજી દાખલ કરીને કહ્યું કે તે પોતાનું નિવેદન પાછું ખેંચવા માંગે છે અને તપાસમાં સંપૂર્ણ સહકાર આપવા તૈયાર છે.

નવીદિલ્હી,તા.૧૧

તેલંગાણાના સીએમ કેસીઆરની એમએલસી પુત્રી કવિતા દિલ્હી દારૂ કૌભાંડ કેસમાં કેન્દ્રીય એજન્સી ઈડી સમક્ષ હાજર થવા જઈ રહી છે. ત્યારે આ કેસમાં મોટો ટ્વિસ્ટ આવ્યો છે. અરુણ પિલ્લઈ નામના આરોપીએ ઈડી સમક્ષ પોતાનું નિવેદન પાછું ખેંચવાનો નિર્ણય લીધો છે. એવું માનવામાં આવે છે કે દારૂ કૌભાંડ કેસમાં કેન્દ્રીય એજન્સી કવિતા, અરુણ પિલ્લઈ અને દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા સાથે મળીને પૂછપરછ કરી શકે છે.

ઈડી અરુણ પિલ્લઈ અને કવિતા વચ્ચેના નાણાકીય વ્યવહારો અંગે પૂછપરછ કરી રહી છે અને કેન્દ્રીય એજન્સી આ સંદર્ભમાં કવિતા પાસેથી જવાબ પણ માંગી શકે છે. દિલ્હીની રાઉઝ એવન્યુ સીબીઆઈ કોર્ટમાં પિલ્લઈએ અરજી દાખલ



કરીને કહ્યું કે તે પોતાનું નિવેદન પાછું ખેંચવા માંગે છે અને તપાસમાં સંપૂર્ણ સહકાર આપવા તૈયાર છે. અરુણ પિલ્લઈ ઈડીની કસ્ટડીમાં છે અને ૧૩ માર્ચ સુધી ન્યાયિક કસ્ટડીમાં રહેશે. પિલ્લઈની અરજી પર સીબીઆઈ કોર્ટે નોટિસ પણ જારી કરી છે.અરુણ પિલ્લઈએ કહ્યું કે તે અન્ય આરોપી સમીર મહેન્દ્રુની કંપની ઈન્ડોસ્પિરિટમાં કવિતા માટે અનામી છે. કહેવામાં આવી રહ્યું છે કે પિલ્લઈ આ નિવેદન પરત લેવા માંગે છે. દિલ્હી દારૂ કૌભાંડ કેસમાં ૧૨ લોકોની ધરપકડ કરવામાં આવી છે. હવે કવિતા વિશે એવું કહેવામાં આવી રહ્યું છે કે તે પૂરી તૈયારી સાથે ઈઢની સામે જઈ રહી છે. તાજેતરમાં સિસોદિયાના રિમાન્ડ રિપોર્ટમાં કવિતાનું નામ સામે આવ્યું હતું. ઈડીનો આરોપ છે કે આ કૌભાંડ હૈદરાબાદમાં થયું હતું અને કવિતા દ્વારા એક મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મગુંતા શ્રીનિવાસ પણ સામેલ હતા.ઈડીનું કહેવું છે કે, ૧૯ માર્ચ, ૨૦૨૧ના રોજ એમએલસી કવિતા સિસોદિયાના પ્રતિનિધિ વિજય નાયરને મળી હતી. તેઓએ ચર્ચા કરી કે કવિતાને દારૂના ધંધામાં કેવી સફળતા મળશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે હૈદરાબાદની આઈટીસી કોહિનૂર હોટલમાં જૂન ૨૦૨૧માં કાવતરું ઘડવામાં આવ્યું હતું. ઈડીએ સ્પષ્ટતા કરી હતી કે આઈટીસી હોટેલમાં થયેલી મીટિંગમાં અરુણ પિલ્લઈ, વિજય નાયર, અભિષેક બોઈનાપલ્લી અને દિનેશ અરોરા હાજર હતા.કહેવામાં આવી રહ્યું છે કે સાઉથ ગ્રુપના પ્રતિનિધિ બુચીબાબુએ કહ્યું કે હવાલા ચેનલો દ્વારા ૧૦૦ કરોડ રૂપિયાની ચૂકવણી કરવામાં આવી હતી. ઈડીનો દાવો છે કે તેણે સમગ્ર વોટસએપ વાતચીતને ડીકોડ કરી છે. વિજય નાયરની ઓળખ 'વી' તરીકે, કવિતાને 'મેડમ' તરીકે અને સમીર મહેન્દ્રુને 'સામી' તરીકે ઓળખવામાં આવી છે. ઉદાહરણ તરીકે, ચેટમાં કોડ-વર્ડ સાથે કહેવામાં આવે છે કે 'ફ' ને પૈસાની જરૂર છે, જેનો વાસ્તવમાં મતલબ છે કે વિજય નાયરને પૈસાની જરૂર છે. ઈડાએ એવો પણ દાવો કર્યો છે કે ચેટમાં કવિતાના શેરની ચર્ચા ૩૩% થઈ હતી.

# ગત બે મહિનાથી દરરોજ મુખ્યમંત્રી શિવરાજ ચૌહાણ અને કમલનાથ વચ્ચે રાજકીય જંગ જોવા મળી રહી છે

ભોપાલ,તા.૧૧

મધ્યપ્રદેશમાં ૨૦૨૩ ચુંટણીમાં ભલે જ હજુ આઠ મહીના બાકી છે પરંતુ ભાજપ અને કોંગ્રેસ બંન્નેએ જ સત્તાના રણ માટે કમર કસી લીધી છે.ગત બે મહીનાથી દરરોજ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને પૂર્વ મુખ્યમંત્રી કમલનાથની વચ્ચે રાજકીય જંગ જોવા મળી રહ્યો છે.શિવરાજ દરરોજ કમલનાથને એક સવાલ પુછે છે તો કમલનાથ તેના દ્વારા તેના પર પલટવાર કરે છે.

પત્રકારો સાથે ચર્ચા દરમિયાન મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે એકવાર ફરી કમલનાથને તેમના વચન પત્રને લઇ સવાલ પુછયો તેમણે કહ્યું કે હું કમલનાથજીને સતત સવાલ પુછી રહ્યો છે જુઠ્ઠાણાના સહારે કમલનાથ બિચારા,ગત ચુંટણીમાં પણ જુઠ્ઠાણાના સહારે જ હતાં વચન આપીને પુરા કર્યા નહીં હવે ફરી નવું વચન પત્રના રૂપમાં નવું જુઠ્ઠાણુ પત્ર બનાવ વાનું અભિયાન તેમનું ચાલી રહ્યું છે પરંતુ જુનાનું શું થયું

મુખ્યમંત્રી શિવરાજ ચૌહાણે કહ્યું કે હું આજ ફરી પુછી રહ્યો છું કે કમલનાથજી તમે વચન આપ્યું હતું કે બજેટમાં મહિલાઓ માટે ૪૦ ટકાનું ઓવરઓલ બજેટની જોગવાઇ કરીશું તમે શું કર્યું હું ફરી કહી રહ્યો છું તમે બેગા ભારિયા સહરિયા જેવી ગરીબ બહેનો માટે જે ૧૦૦૦ રૂપિયા મહીના અમે આપી રહ્યાં હતાં તે પણ બંધ કરી દીધા હતાં તમારા વચનોનું શું થયું મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે પૂર્વ મુખ્યમંત્રી અને વર્તમાન કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ કમલનાથ પર તેમના ઘોષણા પત્રને લઇ નિશાન સાધ્યું હતું આવામાં કલાકમાં જ કમલનાથે ટ્વીટ કર્યુ કે શિવરાજ સિંહ ચૌહાણે આજ સુધી જેટલા ધોષણા પત્ર તૈયાર કર્યા તેમાં મહિલાઓથી કરવામાં આવેલ કોઇ વચન પુરૂ કર્યુ નથી તમે તો ઓછામાં ઓછું મહિલા હિતના સવાલ ન પુછો તો જ સારૂ.તમારા ૧૮ વર્ષના શાસનમાં મધ્યપ્રદેશને મહિલા અત્યાચારમાં સમગ્ર દેશમાં નંબર વન બનાવ્યા બાદ તમે કયાં મોઢે સવાલ પુછી રહ્યાં છે.

પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે લખ્યું કે વિધાનસભામાં ચર્ચાથી તમારી સરકાર ભાગે છે.કિસાનોનો મુદ્દો ઉઠાવવા પર તમે કોંગ્રેસના ધારાસભ્ય જીતુ પટવારીને ગેરબંધારણીય રીતે બરતરફ કરી દીધા,સોદાબાજીની સરકાર વિધાનસભામાં મનમાની કરી શકે છે પરંતુ પ્રદેશની જનતાનું મોં બંધ કરી શકતા નથી આથી તમારી સરકારની ગેરકાયદેસર હરકતો અને જનવિરોધી વિચારના પર્દાફાશ માટે ભોપાલમાં કોંગ્રેસ પ્રદર્શન કરશે હકીકતમાં ૨૦૨૩ના અંતમાં વિધાનસભા ચુંટણી થનાર છે જાહેર છે કે ચુંટણી પહેલા ફરી બંન્ને પાર્ટીઓના ધોષણા પત્ર બનશે,દાવા અને વચનો કરવામાં આવશે આજ કારણ છે કે ૧૮ વર્ષોથી સત્તામાં કાગળથી ભાજપના મુખ્યમંત્રી શિવરાજ,કમલનાથના જુના ધોષણાપત્રને જ આધાર બનાવી તેમને ખોટા ઠેરવી રહ્યાં છે તો કમલનાથ પણ ભાજપના ધોષણા પત્રના આધાર પર જ સતત તેમના પર પ્રહારો કરતા નજરે પડી રહ્યાં છે.

# અતીક અહમદના પૈતૃક મકાન છોડી નોકરો ફરાર થયા,ભુખથી પાલતુ કુતરાનું મોત

લખનૌ,તા.૧૧

ઉમેશ પાલ હત્યાકાંડ બાદથી જ અતીક અહમદનો પુરો પરિવાર ફરાર છે.સ્થિતિ એ છે કે અતીક અહમદના પૈતૃક મકાન પર રહેનારા નોકર ચાકર પણ પોલીસના ભયથી ફરાર થઇ ગયા છે.અતીકના તમામ નોકર ફરાર થયા બાદ અતીકના પાંચ પાલતુ કુતરાને પણ ભોજન અને પાણી પીવડાવવા માટે કોઇ બચ્યું નથી સ્થિતિ એ છે કે ભુખથી તડપી તડપી એક પાલતુ કુતરી બ્રોનોનું મોત થયું છે.

# મનીષ સિસોદિયાને જેલમાં વીવીઆઈપી ટ્રીટમેન્ટ મળી રહી છે..' સુકેશનો એલજીને બીજો પત્ર

નવીદિલ્હી,તા.૧૧

છેતરપિંડીના કેસમાં જેલમાં બંધ સુકેશ ચંદ્રશેખરે દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાને પત્ર લખીને કહ્યું છે કે આમ આદમી પાર્ટીના નેતા અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને ખતરનાક ગુનેગારો સાથે જેલમાં રાખવાના ખોટા સમાચાર ફેલાવવામાં આવી રહ્યા છે.

સુકેશ ચંદ્રશેખરે દાવો કર્યો હતો કે મનીષ સિસોદિયાને જેલમાં પણ વીવીઆઈપી ટ્રીટમેન્ટ આપવામાં આવી હતી. સુકેશે પત્રમાં લખ્યું છે કે, મનીષ સિસોદિયાને જેલ નંબર વનના વોર્ડ નંબર-૯માં ફર્ફ઼ેં ટ્રીટમેન્ટ આપવામાં આવી રહી છે. હું ન્ પાસે આમાં હસ્તક્ષેપ કરવાની માંગ કરું છું.ઈઢએ ગુરુવારે તિહાર જેલમાંથી મનીષ સિસોદિયાની ધરપકડ કરી હતી. ઈડીએ શુક્રવારે મનીષ સિસોદિયાને સ્પેશિયલ કોર્ટમાં રજૂ કર્યો છે, જ્યાંથી તેને ૧૭ માર્ચ સુધી ઈઢ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો. ઈઢએ કોર્ટને જણાવ્યું હતું કે મનીષ સિસોદિયાએ અન્ય લોકો સાથે મળીને લાંચ આપવા અને ૨૯૦ કરોડ રૂપિયાથી વધુના અપરાધ માટે ખામીયુક્ત આબકારી નીતિ ઘડવાનું કાવતરું ઘડ્યું હતું.ઈડીએ મનીષ સિસોદિયાની કસ્ટડીની માંગણી કરતી તેની અરજીમાં જણાવ્યું હતું કે ગુનાની આવકમાં ઓછામાં ઓછા રૂ. ૨૯૨.૮ કરોડની કમાણી કરવા માટે આ ગુનો રચાયો હતો .ત્યારે સુધીની ગણતરી મુજબ અને તપાસ દરમિયાન તેમાં વધારો થવાની સંભાવના છે. તેમાં જણાવાયું છે કે મનીષ સિસોદિયાએ અન્ય વ્યક્તિઓ સાથે મળીને કાવતરું ઘડ્યું હતું અને ખામીયુક્ત નીતિ બનાવવામાં સક્રિય રીતે સામેલ હતો. મનીષ સિસોદિયાએ ગુનાની આવકને ટ્રાન્સફર કરવામાં અને છુપાવવામાં ભૂમિકા ભજવી હતી.મનીષ સિસોદિયાની સીબીઆઇ દ્વારા દિલ્હીની આબકારી નીતિમાં કથિત અનિયમિતતાના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી (જે હવે પાછી ખેંચી લેવામાં આવી છે). આ પછી ઈઢએ આ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં તિહાર જેલમાં મનીષ સિસોદિયાની પૂછપરછ કરી અને ગુરુવારે તેની ધરપકડ કરી હતી.

## તંત્રી લેખ

# રાજકીય ભ્રષ્ટાચાર

જમીનના બદલે નોકરીના કેસમાં રાબડી દેવી બાદ સીબીઆઇએ રાજદ પ્રમુખ લાલુ પ્રસાદ યાદવ અને રાજ્યસભા સદસ્ય મીસા ભારતીની લાંબી પૂછપરછ કરી. આ પૂછપરછ રાજદ નેતાઓને ના જ ગમે તે સ્વાભાવિક છે, પરંતુ તેમના એમ કહેવાથી કામ નથી ચાલવાનું કે સીબીઆઇનો દુરુપયોગ થઈ રહ્યો છે અથવા કેન્દ્ર સરકાર બદલાની ભાવના સાથે કામ કરી રહી છે. તેમણે એ જણાવવું જોઈએ કે સીબીઆઇના આ આરોપ સાચા છે કે નહીં, કે લાલુ યાદવે રેલવે મંત્રી રહેતા વખતે કેટલાક લોકોની જમીન લઈને તેમને નોકરી આપવાનું કામ કર્યું હતું? તેની અવગણના ન કરી શકાય કે એવા કેટલાક લોકો સામે આવ્યા છે, જેમણે એ માન્યું છે કે તેમને જમીન આપીને રેલવેમાં નોકરી મેળવી હતી. રાબડી દેવી અને લાલુ યાદવની સીબીઆઇની પૂછપરછને લઈને વિપક્ષી દળોએ પણ વાંધો વ્યક્ત કર્યો છે. એવા પક્ષોમાં જેડીયુ પણ છે. એક સમયે આ જ જેડીયુ નોકરીને બદલે જમીન કેસમાં લાલુ યાદવ વિરુદ્ધ આક્રમક હતો. શું જેડીયુ નેતાઓ એમ માની રહ્યા છે કે પ્રદેશ અને દેશના લોકો ભૂલી ગયા હશે કે થોડા સમય પહેલાં આ કેસમાં તેનું વલણ કેવું હતું?

કેટલાક વિપક્ષી નેતાઓએ દિલ્હીના પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયાની ધરપકડને પણ કેન્દ્રીય એજન્સીઓના દુરુપયોગ તરીકે પ્રચારિત કરી છે. એનાથી પણ વાત બનવાની નથી, કારણ કે જો દિલ્હીની આબકારી નીતિમાં કોઈ ગરબડ ન હતી અને તેનાથી કેટલાક લોકો અયોગ્ય રીતે લાભાન્વિત નહોતા થતા તો પછી તેને એકાએક પાછી શું કામ ખેંચી લીધી? તેમની ધરપકડ પર જે રાજકીય પક્ષોએ કેન્દ્ર સરકારને ઘેરી છે, તેમાં એ પક્ષો પણ છે, જેમના નેતા ભ્રષ્ટાચારના ગંભીર આરોપોથી ઘેરાયેલા છે. એક વિચિત્ર વાત એ પણ છે કે આમ આદમી પાર્ટીના નેતા જ્યારે આંદોલનના દોરમાં હતા, ત્યારે તેમણે જે તમામ વિપક્ષી નેતાઓ પર ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા હોવાના આરોપ લગાવ્યા હતા, આજે તેમનો સહારો લઈ રહ્યા છે. તેનાથી કંઈ સાબિત થતું હોય તો એ જ કે આમ આદમી પાર્ટી અન્ય પક્ષો જેવી જ છે. રાજનીતિ બદલવા અને નવા પ્રકારની રાજનીતિ કરવા માટે આવેલી આમ આદમી પાર્ટીનો વ્યવહાર અન્ય પક્ષોને પણ ચાર ચાસણી ચડે તેવો થઈ ગયો છે. આ બાબત આશ્ચર્યજનક છે. જ્યાં સુધી કેન્દ્રીય તપાસ એજન્સીઓના દુરુપયોગની વાત છે, આ એવો આરોપ છે, જેનો સામનો કેન્દ્રની પ્રત્યેક સત્તાએ કર્યો છે. આ આરોપની સચ્ચાઈ જે હોય તે, એનો ઇનકાર ન કરી શકાય કે રાજકીય ભ્રષ્ટાચાર પહેલાંની જેમ જ બેરોકટોક ચાલુ છે. નેતાઓ અને અધિકારીઓના રોજબરોજ ખૂલતા કૌભાંડોથી એ જ સ્પષ્ટ થાય છે કે રાજકીય ભ્રષ્ટાચાર બેલગામ છે. એના પર સખ્તાઈથી રોક લગાવવાની જરૂર છે.

# છિન્ન- પ્રકરણ /૨




સેપ્ટનાં એક પછી એક પસાર થતાં વર્ષ શ્રેયા અને સંદિપની દોસ્તીનાં સોપાન બનતાં ચાલ્યાં. શ્રેયાનાં દરેક પેન્ટિંગ એક્ઝિબિશન સમયે આખાય ગ્રુપનો કૉન્ટેમ્પરી આર્ટ ગેલેરીની બહાર અડ્ડો હોય જ. એક્ઝિબિશનના એ ત્રણે દિવસ દરમ્યાન અનેક આર્કિટેક્ટ, ઇન્ટિરિઅર ડિઝાઈનર અને એથી વધીને શહેરના નામાંકિત આર્ટિસ્ટ, કલાગુરૂને મળવાનો એ સોનેરી અવસર કોણ ગુમાવે?

આ વખતે શ્રેયાનું એ પેન્ટિંગ એક્ઝિબિશન જરા અનોખું હતું. સૂર્યોદયથી લઈને સૂર્યાસ્ત અને અંધકારના ઓળા લઈને ઉતરતી અમાસની રાત્રી, પૂનમના અજવાસને લઈને માનવ જીવનના તબક્કાને એણે વણી લીધા હતા.

એક્ઝિબિશનનું ઇનોગ્રેશન શહેરના જાણીતા ઇન્ટિરિઅર ડિઝાઈનર અને આર્ટીસ્ટ પ્રેમ રાવળના હસ્તે હતું. દીપ પ્રાગ્ટ્ય બાદ શ્રેયાનાં પેન્ટિંગ અંગે પ્રેમ રાવળ કંઈ કહે તે પહેલા જ સંદિપે હાથમાં માઈક લઈને શ્રેયાનો પરિચય જે રીતે હાજર મહેમાનોને કરાવ્યો એ સાવ અણધાર્યો અને અકલ્પ્ય હતો. સંદિપ શ્રેયા માટે જે કંઈ બોલતો હતો તેની સૌને જ નહીં શ્રેયાને પણ એટલી જ તાજુબ્બી હતી. સંદિપે શ્રેયાને જે રીતે ઓળખી હતી એ શ્રેયા તો પોતાના માટે પણ અજાણ હતી.

બિલ્ડીંગ કન્સ્ટ્રક્શનમાં રહેલા નયનભાઈ અને વિવેકભાઈને તો આમાં જાણે કોઈ એક નવા સંબંધની ભૂમિકા આકાર લેતી લાગી. જો શ્રેયા અને સંદિપની મરજી હોય તો બંને પરિવાર વચ્ચે એ ઔપચારિક સંબંધથી આગળ વધીને અંગત સંબંધમાં જોડાવાની બેઉના પિતાની સમજૂતીને શ્રેયા અને સંદિપની મરજીની મહોર લાગવી જરૂરી હતી.

આ વાત શ્રેયા અને સંદિપ બંને માટે અણધારી હતી. ક્યારેય મનમાં પણ આવો વિચાર સુદ્ધાં આવ્યો નહોતો.

"કેમ કેવળ દોસ્તી ન હોઈ શકે?" શ્રેયાએ પિતા સાથે દલીલ શરૂ કરી.

"હોઈ શકે ને! પણ જો એ દોસ્તી તમને બંનેને કાયમ માટે એક કરી દેતી હોય તો એમાં ખોટું પણ શું છે? વિવેકે દીકરીને સમજાવવાનો પ્રયત્ન કર્યો. કોઈ પણ છોકરીને આટલુ સમજી શકતો હોય એવો પતિ મળે તો ખરેખર એ એનાં માટે સદનસીબ કહેવાય. બિઝનેસમાં સાથે કામ કરવું હોય તો પણ બે પાર્ટનર વચ્ચે એક મત કે સમજૂતી હોય તો તે આગળ ચાલે છે. આ તો જીવનની પાર્ટનરશિપ કહેવાય એમાં તમારી વચ્ચે જે હાર્મની છે તે તને બીજા કોઈમાં મળશે જ એવી તને કોઈ ખાતરી છે?"

શ્રેયા પાસે આ દલીલનો કોઈ જવાબ નહોતો. પિતાની વાત તાર્કિક રીતે સાવ સાચી હતી પણ જીવનના ચણતરને તર્કના પાયાની બુનિયાદ પર થોડું બંધાય છે? મન જેને સ્વીકારે એ માણીગર. સંદિપ સાથે દોસ્તી હતી પણ દિલથી ક્યારેય એને સંદિપ માટે કોઈ એવો ભાવ જાગ્યો નહોતો કે નહોતો વિવેકની પ્રસ્તાવના પર એણે પહેલા ક્યારેય વિચાર સુદ્ધાં કર્યો હોય. એને ખાતરી હતી કે સંદિપે પણ ક્યારેય આ રીતે શ્રેયા માટે વિચાર્યુ નહીં જ હોય.

"મારો કોઈ તને આગ્રહ નથી. તારાં મનમાં જો કોઈ બીજી વ્યક્તિ હોય તો મને તે પણ મંજૂર છે." વિવેકે શ્રેયાને કહ્યું.

વિવેકને પોતાની વાતને શ્રેયા મંજૂર રાખે એવી દિલથી ઈચ્છા તો હતી જ સાથે પોતાની મરજી શ્રેયા પર થોપવી પણ નહોતી. જો શ્રેયાની પોતાની કોઈ પસંદગી હોય તો તેની સામે એમને વાંધો ય નહોતો.

તું આજે ને આજે જ મને જવાબ આપે એવુ હું નથી કહેતો. તારે વિચારવા માટે જેટલો સમય જોઈતો હોય એટલો સમય લેજે. જોઈએ તો તું અને સંદિપ સાથે મળીને ખુલ્લા મનથી ચર્ચા કરી લો. નયન આજે સંદિપ સાથે વાત કરવાનો છે એટલે એ શું વિચારે છે એની ખબર પડશે પણ એક વાત છે કે, જ્યારે અને જો મારી વાતમાં તારી સંમતિ હશે ત્યારે અને તો જ વાત આગળ વધશે એટલો વિશ્વાસ રાખજે.

શ્રેયા સમજતી હતી, દરેક મા-બાપ દીકરીની ઉંમર થાય ત્યારથી જ એનાં ભવિષ્ય અંગે વિચારતાં થાય એ સ્વાભાવિક છે. આ પહેલાં ક્યારેક વિવેક શ્રેયાને કહેતો, "જે દિવસે તને કોઈ છોકરો પસંદ પડે ત્યારે સીધી મારી પાસે જ આવજે એક બાપ નહીં પણ તારો મિત્ર બનીને રહીશ."

શ્રેયાને આજ સુધી કોઈનાય માટે એવી લાગણી થઈ નહોતી, સંદિપ માટે પણ નહીં.

"જોઈશ, વિચારીશ." નયને જ્યારે સંદિપ સાથે શ્રેયા બાબતે વાત કરી ત્યારે સંદિપે માત્ર એટલો જ જવાબ આપ્યો પણ, એનું મન એક વાર તો વિચારતું થઈ ગયું. "ઓહ ! વાત સાવ સરળ છે અને સાચી જ છે ને? જીવન સાવ અજાણી વ્યક્તિ સાથે ગોઠવવું એનાં બદલે જેને આટલા સમયથી જાણતા હોઈએ તેના માટે વિચારવું કંઈ ખોટું નથી. પ્રેમ કરીને જ પરણાય? પરણીને પ્રેમ તો થાય જ ને? એણે શ્રેયાને નવેસરથી પોતાની સાથે જોવાનો પ્રયત્ન કર્યો. પોતાની જીવનસંગી માટે ક્યારેક વિચારત તો એણે શું ઈચ્છ્યુ હોત? આમ જોવા જાવ તો એ બધુ જ શ્રેયામાં છે જ ને? બસ ખાલી એણે એ દૃષ્ટિથી ક્યારેય શ્રેયાને જોવા પ્રયત્ન કર્યો નહોતો એટલું જ ને?

સંદિપ દરેક વાત સાવ સરળતાથી લઈ શકતો. વિચારવાના દરેક મુદ્દા પર એણે વિચારી પણ લીધું . વિચારવાની અને દલીલો કરવાની એની પ્રકૃતિ તો હતી જ પણ, શ્રેયાનુ શું; એણે શું વિચાર્યુ હશે? જે રીતે એ શ્રેયાને ઓળખતો હતો એને ખાતરી હતી કે શ્રેયા આજે ઘણી અપ-સેટ હશે. એને એ પણ ખબર હતી કે શ્રેયાએ કોઈ જવાબ આપવાનો ટાળ્યો હશે. એના રૂમમાં એ બંધ બારણે પોતાની મનની મૂંઝવણ જેવા આડાઅવળા રંગોના લસરકા કેનવાસ પર મારતી હશે. કોઈ સ્પષ્ટતા મનની નહીં થાય ત્યાં સુધી એબ્સર્ડ પેન્ટિંગની જેમ એક અજાણી આકૃતિ એનાં કેનવાસ પર ઉપસતી હશે.

પેન્ટિંગ એક્ઝિબિશનના બીજા દિવસે સંદિપ જાણીને કૉન્ટેમ્પરી આર્ટ ગેલેરી પર ના ગયો. એની હાજરીથી શ્રેયાને કેવી ગડમથલ થશે એની એને ખબર હતી. એ શ્રેયાને મૂંઝવવા નહોતો માંગતો. એના એ મહત્વના દિવસોમાં અન્યની હાજરીમાં પોતાની હાજરીથી એને અકળાવવા નહોતો માંગતો. એ ખરેખર શ્રેયાને ખૂબ સારી રીતે જાણતો હતો. એક્ઝિબિશનના પ્રથમ દિવસે જે રીતે એણે શ્રેયાની ઓળખ આપી હતી તેટલી હદે એને ઓળખતો હતો.શ્રેયાને સંદિપની ગેરહાજરીથી આજે ઘણી મોકળાશ લાગી. મનથી એ ઈચ્છતી હતી કે, સંદિપનો આજે સામનો ન થાય તો બહેતર છતાં થોડી થોડી વારે નજર તો બહારના રસ્તા પર ટકરાઈને પાછી ફરતી જ હતી. દીકરીની એ અવ્યક્ત આતુરતા નજરમાં છલકાતી હતી એની નોંધ વિવેક અને આરતીએ મનોમન લીધી.

બીજા જ દિવસની સવારે સંદિપે કલ્પ્યું હતુ તેમ શ્રેયાનો ફોન રણક્યો.

આલેખનઃ રાજુલ કૌશિક

## સુપ્રીમ કોર્ટે ૪૦ વર્ષ બાદ વ્યક્તિને નિર્દોષ જાહેર કર્યો

# પશ્ચિમ બંગાળના બર્દવાન જિલ્લામાં ૧૧ માર્ચ, ૧૯૮૩ના રોજ થઈ હતી

નવીદિલ્હી,તા.૧૧

સુપ્રીમ કોર્ટે નિખિલ ચંદ્ર મંડલ નામના વ્યક્તિને ૪૦ વર્ષ પછી પત્નીની હત્યાના આરોપમાંથી મુક્ત કરી દીધો છે. નિખિલની ૪૦ વર્ષ પહેલા પશ્ચિમ બંગાળ પોલીસે હત્યાના આરોપમાં ધરપકડ કરી હતી. આ પછી ૧૯૮૭માં ટ્રાયલ કોર્ટે તેમને નિર્દોષ માનીને છોડી દીધા હતા. પરંતુ વર્ષ ૨૦૦૮માં હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટના નિર્ણયને પલટી નાખ્યો અને તેને આજીવન કેદની સજા ફટકારી.

નિખિલ ચંદ્ર મંડલે હાઈકોર્ટના નિર્ણય સામે દેશની સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરી હતી. સુપ્રીમ કોર્ટે તેમને તમામ આરોપોમાંથી મુક્ત કર્યા અને કહ્યું કે માત્ર કબૂલાતના નિવેદન એટલે કે એક્સ્ટ્રા જ્યુડિશિયલ કબૂલાતના આધારે દોષિત ઠેરવી શકાય નહીં કારણ કે તે નક્કર પુરાવા નથી. છેલ્લા ૪૦ વર્ષોમાં, મંડલનું જીવન કાયદાકીય ગૂંચવણોમાં બરબાદ થઈ ગયું હતું અને ન્યાય મેળવવા માટે લાંબી લડાઈ લડવી પડી હતી. હવે ૪૦ વર્ષ બાદ તેમને સુપ્રીમ કોર્ટમાંથી ન્યાય મળ્યો છે.

વાસ્તવમાં આ હત્યા પશ્ચિમ બંગાળના બર્દવાન જિલ્લામાં ૧૧ માર્ચ, ૧૯૮૩ના રોજ થઈ હતી. મંડલને પોલીસે તેની પત્નીની હત્યાના આરોપમાં ધરપકડ કરી હતી કારણ કે તેમણે તેના ૩ સાથી સામે તેની પત્નીની હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી. પરંતુ



૧૯૮૭માં પૂરતા પુરાવાના અભાવે ટ્રાયલ કોર્ટે તેમને મુક્ત કર્યા હતા. આ પછી, કલકત્તા હાઈકોર્ટની બેન્ચે વર્ષ ૨૦૦૮માં નિખિલ મંડલને હત્યાનો દોષી માનીને આજીવન કેદની સજા ફટકારી હતી.

વર્ષ ૨૦૦૯માં મંડલે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. તેમની અપીલ જજ બી.આર. ગવઈ અને જસ્ટિસ સંજય કરોલની બેન્ચ સમક્ષ ૧૪ વર્ષ પેન્ડિંગ રહી હતી. ખંડપીઠે ટ્રાયલ કોર્ટના નિર્ણયને યોગ્ય ઠેરવતા મંડલને નિર્દોષ જાહેર કર્યો હતો. જસ્ટિસ ગવઈએ પોતાના ચુકાદામાં લખ્યું છે કે, આ કેસ સંપૂર્ણપણે સંજોગોવશાત્ પુરાવા પર આધારિત છે.

જસ્ટિસ ગવઈ અને કરોલે પણ પુરાવા તરીકે સાક્ષીઓના નિવેદનોને વિરોધાભાસી ગણાવ્યા હતા. ખંડપીઠે કહ્યું, આ કાયદાનો સ્થાયી સિદ્ધાંત છે કે શંકા ભલે ગમે તેટલી ઊંડી અને મજબૂત હોય, પુરાવાનું સ્થાન લઈ શકતી નથી. જ્યાં અસાધારણ કબૂલાત શંકાસ્પદ સંજોગોથી ઘેરાયેલી હોય છે, ત્યાં તેની વિશ્વસનીયતા શંકાસ્પદ બને છે અને તે તેનું મહત્વ ગુમાવે છે.

# અનીલ અંબાણીને હાઈકોર્ટથી મોટી રાહત, ૪૨૦ કરોડની ટેક્સ ચોરીનો મામલો છે

મુંબઈ,તા.૧૧

મુકેશ અંબાણીના ભાઈ અને રિલાયન્સ અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપના ચેરમેન અનિલ અંબાણીને બોમ્બે હાઈકોર્ટે મોટી રાહત આપી છે. બ્લેક મની એક્ટ હેઠળ કથિત કરચોરી સંબંધિત કેસની સુનાવણી કરતી વખતે, હાઈકોર્ટે આવકવેરા વિભાગને ઘણી મહત્વપૂર્ણ સૂચનાઓ આપી છે. આમાં સૌથી મોટી રાહત આવકવેરા વિભાગને પેનલ્ટી નોટિસ પર ૧૭ માર્ચ સુધી કોઈ કાર્યવાહી કરવાથી રોકવાની છે.

અનિલ અંબાણીને બ્લેક મની (અનડિસક્લોઝ્ડ ફોરેન ઈક્મ એન્ડ એસેટ્સ) એક્ટ-૨૦૧૫ હેઠળ કારણ બતાવો નોટિસ જારી કરવામાં આવી હતી. જેને અનિલ અંબાણીએ બોમ્બે હાઈકોર્ટમાં પડકાર્યો હતો. આ અંગે જસ્ટિસ જી. એસ. પટેલ અને નીલા ગોખલેની બેન્ચે સુનાવણી દરમિયાન આ આદેશ જારી કર્યો હતો.

આવકવેરા વિભાગે અનિલ અંબાણીને રૂ. ૪૨૦ કરોડની કથિત કરચોરી બદલ કારણ બતાવો નોટિસ પાઠવી હતી. આવકવેરા વિભાગે ૮ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ અંબાણીને આ નોટિસ જારી કરી હતી. નોટિસ અનુસાર, અનિલ અંબાણીના સ્વિસ બેંક ખાતામાં ૮૧૪ કરોડ રૂપિયાથી વધુની અઘોષિત આવક છુપાવવામાં આવી છે. તેના પર લગભગ ૪૨૦ કરોડ રૂપિયાનો ટેક્સ લાગે છે.

અનિલ અંબાણી વતી વરિષ્ઠ વકીલ રફીક દાદાએ દલીલો રજૂ કરી હતી. તેણે કોર્ટને જણાવ્યું કે કારણ બતાવો નોટિસની સાથે આવકવેરા વિભાગે પેનલ્ટીની નોટિસ પણ જારી કરી છે. તેમણે આ નોટિસને હાઈકોર્ટમાં પડકારી છે. સાથે જ અરજીમાં સુધારો કરવાની પણ પરવાનગી માંગવામાં આવી હતી.

આ અંગે સુનાવણી કરતાં હાઈકોર્ટે અરજીમાં સુધારો કરવાની મંજૂરી આપી છે. ઉપરાંત, આવકવેરા વિભાગને ૧૭ માર્ચે આગામી સુનાવણી સુધી પેનલ્ટી નોટિસ પર કોઈપણ કાર્યવાહી કરવા પર રોક લગાવવામાં આવી છે.

અનિલ અંબાણીની દલીલ છે કે સરકારે વર્ષ ૨૦૧૫માં બ્લેક મની કાયદો લાગુ કર્યો હતો. જ્યારે કથિત વ્યવહાર કે જેના સંબંધમાં આ દાવો દાખલ કરવામાં આવ્યો છે તે મૂલ્યાંકન વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૧૦-૧૧ માટે છે.

આ પહેલા પણ બોમ્બે હાઈકોર્ટે અનિલ અંબાણીને મોટી રાહત આપી હતી. ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ વચગાળાની રાહત આપતી વખતે, હાઈકોર્ટે અનિલ અંબાણી વિરુદ્ધ જારી કરાયેલ કારણ બતાવો નોટિસ પર કોઈપણ પગલાં લેવા પર રોક લગાવી હતી

આવકવેરા વિભાગે તેની નોટિસમાં કહ્યું છે કે અનિલ અંબાણી પર બ્લેક મની એક્ટની કલમ ૫૦ અને ૫૧ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. આ કલમ હેઠળ મહત્તમ ૧૦ વર્ષની સજા અને દંડની જોગવાઈ છે. આવકવેરા વિભાગનું કહેવું છે કે અનિલ અંબાણીએ 'ઈરાદાપૂર્વક' કરચોરી કરી હતી. તેમનો વિદેશી બેંક ખાતાની માહિતી શેર કરવાનો ઈરાદો નહોતો.

## ૨૦ માર્ચે જાપાનના વડાપ્રધાન કિશિદા ભારત આવી રહ્યા છે

નવીદિલ્હી,તા.૧૧

જાપાનના વડાપ્રધાન ફુમિયો કિશિદા ૨૦ અને ૨૧ માર્ચે ભારતની સત્તાવાર મુલાકાત કરશે. આ દરમિયાન તેઓ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મહત્વપૂર્ણ વાતચીત કરશે. ટોક્યો અને નવી દિલ્હીમાં યોજાનાર જી૭ અને જી ૨૦ની અધ્યક્ષતા અંગે પોતાની પ્રાથમિકતાઓ અંગે પણ ચર્ચા થશે. રશિયા અને યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધની વચ્ચે બંને વડાપ્રધાનો વચ્ચેની આ વાતચીતને ઘણી મહત્વપૂર્ણ મનાય છે.

આ વાતચીત દરમિયાન ચીનને ઘેરવા માટે એક વ્યૂહાત્મક ચર્ચા થવાની પણ અટકળો ચાલી રહી છે. ઉપરાંત બંને નેતાઓ પરસ્પર હિતના દ્વિપક્ષીય અને પ્રાદેશિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે. મળતી માહિતી મુજબ રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે જાપાનના વડાપ્રધાનની ભારત મુલાકાત ઘણી મહત્વની છે. આ મુલાકાત પર દરેકની નજર રહેશે. જાપાનના વડાપ્રધાનની ભારત મુલાકાત ૧૯ માર્ચથી શરૂ થશે, જેમાં તેઓ ૩ દિવસ ભારતમાં રહેશે. એક સરકારી સૂત્રએ શુક્રવારે જણાવ્યું કે, આ વર્ષે જાપાનની અધ્યક્ષા હેઠળ ટોક્યોમાં જી ૭ યોજાશે, તો ભારતની અધ્યક્ષતા હેઠળ નવી દિલ્હીમાં જી ૨૦ની બેઠક યોજાશે.

કિશિદા મે મહિનામાં જાપાનના પશ્ચિમી શહેર હિરોશિમામાં યોજાનારી જી-૭ વ્યક્તિગત સમિટની સફળતા માટે માર્ગ મોકળો કરવા માટે ભારત જેવા દેશો સાથે સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે ઉત્સુક હોવાનું કહેવાય છે. જણાવી દઈએ કે હિરોશિમા એ જ શહેર છે, જે બીજા વિશ્વ યુદ્ધમાં અમેરિકન પરમાણુ બોમ્બ દ્વારા નાશ પામ્યું હતું.

# લાલુના સંબંધીઓ અને નજીકના મિત્રોના ઘરેથી ઈડીએ ૫૩ લાખ કેશ, ૨ કિલો સોનું રિકવર કર્યું

નવીદિલ્હી,તા.૧૧

નોકરી માટે જમીનના કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ લાલુ યાદવના નજીકના મિત્રો અને સંબંધીઓના સ્થાનો પર દરોડા પાડીને રૂપિયા ૫૩ લાખ કેશ, ૧૯૦૦ અમેરિકન ડોલર, લગભગ ૫૪૦ ગ્રામ સોનું અને ૧.૫ કિલો સોનાના દાગીના જપ્ત કર્યા છે. આ દરમિયાન બિહારના ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવને સીબીઆઈ દ્વારા પૂછપરછ માટે સમન્સ મોકલવામાં આવ્યું છે. દિલ્હીના ડેપ્યુટી સીએમ પછી હવે બિહારના ડેપ્યુટી સીએમ ફરતે ગાળિયો કસાયો છે.ઈડીએ શુક્રવારે દિલ્હી, મુંબઈ, નોઈડા અને પટનામાં લાલુ યાદવના નજીકના સહયોગીઓના ૧૫ સ્થળો પર દરોડા પાડ્યા હતા. જેમાં દિલ્હીમાં તેજસ્વી યાદવનું ઘર, લાલુની ત્રણ દીકરીઓ હેમા, રાગિણી અને ચંદાનું ઘર સામેલ હતું. આ સિવાય લાલુના સાળા જિતેન્દ્ર યાદવના ગાઝિયાબાદના ઘર પર પણ દરોડા પાડવામાં આવ્યા હતા.

લાલુ યાદવે કહ્યું કે સંઘ અને ભાજપ સામે મારી વૈચારિક લડાઈ છે અને ચાલુ રહેશે. મેં ક્યારેય નમતું જોખ્યું નથી. મારા પરિવાર અને પક્ષમાંથી કોઈ તમારી રાજનીતિ સામે ઝૂકશે નહીં. લાલુની પુત્રી રોહિણી આચાર્યએ ઈડીની કાર્યવાહીનો વીડિયો શેર કર્યો અને ટ્વીટ કર્યું, 'સેપ્ટિક ટેક્ન ખોદવાથી ગેસ મળ્યો. ચા બનાવવા માટે મોદી સાહેબ માટે ટ્રકો ભરી ભરીને જમાઈ લઈ ગયા છે.કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું, 'મોદીજીએ છેલ્લા ૧૪ કલાકથી બિહારના નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવના ઘરે ઈડીને બેસાડી રાખી છે. તેની ગર્ભવતી પત્ની અને બહેનોને હેરાન કરવામાં આવી રહી છે. લાલુ પ્રસાદ યાદવ વૃદ્ધ છે, બીમાર છે, છતાં મોદી સરકારે તેમના પ્રત્યે માનવતા દાખવી નથી. હવે પાણી માથા ઉપરથી વહી ગયું છે.લાલુના વેવાઈ જીતેન્દ્ર યાદવના ગાઝિયાબાદ (યુપી) સ્થિત આવાસ પર ઈડીની કાર્યવાહી ૧૬ કલાક સુધી ચાલી હતી. શુક્રવારે સવારે ૮ વાગ્યે શરૂ થયેલી તપાસ મધરાતે ૧૨ વાગ્યે પૂર્ણ થઈ હતી. તપાસ એજન્સીએ તેમની સાથે ડોક્યુમેન્ટ્સ ભરેલા ૩ મોટા બોક્સ લીધા છે. ઈડીના ૧૦થી વધુ અધિકારીઓએ તપાસ કરી હતી. શુક્રવારે સવારે ઘરનો મુખ્ય દરવાજો બંધ કરી કરી દેવાયો. કોઈ બહારના વ્યક્તિને પ્રવેશવા દેવામાં આવ્યા નહોતા કે ઘરના કોઈ સભ્યને બહાર જવા દેવામાં આવ્યા નહોતા.

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે ૨૭ ફેબ્રુઆરીના રોજ આરજેડી સુપ્રીમો લાલુ યાદવ, પૂર્વ સીએમ અને તેમની પત્ની રાબડી દેવી, મોટી પુત્રી અને રાજ્યસભા સાંસદ મીસા ભારતીને સમન્સ જારી કર્યા હતા. જમીનના બદલામાં નોકરી આપવાના કેસમાં કોર્ટે સીબીઆઈની ચાર્જશીટ પર સમન્સ જારી કર્યા હતા. જેમાં તમામને ૧૫ માર્ચે કોર્ટમાં હાજર થવાનો આદેશ આપવામાં આવ્યો છે.

# કેરળમાં ૫૪ ડિગ્રી જેવી ગરમીથી લૂ ફૂંકાઈ; હીટસ્ટ્રોકની ચેતવણી

કોચી,તા.૧૧

ભારે વરસાદનો દોર પૂરો થવાની સાથે જ દક્ષિણ ભારત હવે તીવ્ર ગરમીની લપેટમાં આવી ગયું છે. કેરળના કેટલાક વિસ્તારોમાં તાપમાન ૩૫થી ૩૭ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે છે, પરંતુ હીટ ઈન્ડેક્સ ૫૪ ડિગ્રી સુધી પહોંચી ગયો છે. વાસ્તવમાં, હીટ ઈન્ડેક્સ માનવ દ્વારા અનુભવાયેલી ગરમીને પ્રતિબિંબિત કરે છે. હાલ કેરળમાં વાતાવરણના તાપમાન અને હવામાં ભેજનું પ્રમાણ વધુ હોવાથી ગરમી વધુ અનુભવાઈ રહી છે.

આ ગરમી હીટ ઈન્ડેક્સ દ્વારા માપવામાં આવે છે. હીટ ઈન્ડેક્સ અનુસાર, તિરુવનંતપુરમ, અલપ્પુઝા, કોટ્ટયમ અને કન્નુર જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ૫૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન જોવા મળ્યું હતું. સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ ચેતવણી જારી કરી છે કે લોકોએ દિવસ દરમિયાન ઘરની બહાર નીકળવાનું ટાળવું જોઈએ. હીટસ્ટ્રોકનું જોખમ નોંધપાત્ર રીતે વધી ગયું છે.

રાજ્યોને સલાહપ છત પર પક્ષીઓ માટે અને ઘરની બહાર પ્રાણીઓ માટે પાણી રાખો। ભારતીય પશુ કલ્યાણ બોર્ડે બંધારણના અનુચ્છેદ ૫૧એ (જી) ને ટાંકીને તમામ રાજ્યોને એડવાઈઝરી જારી કરી છે. આમાં લખવામાં આવ્યું છે કે રાજ્ય સરકારોએ લોકોને ઘરની બહાર તરછોડાયેલાં પ્રાણીઓ અને પક્ષીઓ માટે છત પર પાણી રાખવાનું કહેવું જોઈએ. શહેરોમાં પોસ્ટર લગાવીને લોકોને પણ જાગૃત કરવા જોઈએ. ગરમી વધી રહી છે, આવી સ્થિતિમાં આપણે પશુ-પક્ષીઓનું પણ ધ્યાન રાખવું પડશે.

ભારતીય હવામાન વિભાગના વરિષ્ઠ વિજ્ઞાની ડૉ.સોમા સેન રાયે જણાવ્યું હતું કે તાપમાનની સાથે ભેજ અને પવનની ગતિ એ બે પરિબળો છે જે તાપમાનને ઊંચું કે નીચું લઈ જાય છે. જેમ શિયાળામાં હવાની હિલચાલ તાપમાનને વાસ્તવિક કરતાં નીચું દર્શાવે છે, તેવી જ રીતે, ઉનાળામાં, 'તાપમાન જેવું લાગે છે' માં ભેજ મુખ્ય ભૂમિકા ભજવે છે, જે હીટ ઈન્ડેક્સ દ્વારા ઓળખાય છે.